# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

**1)** **મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં GRIT અને IIM અમદાવાદ વચ્ચે સમજૂતી કરાર થયા.**

**2)** **રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેર ડિંડોરની અધ્યક્ષતામાં આજે બનાસકાંઠામાં “આદિજાતિ જન-ઉત્કર્ષ મહોત્સવ” કાર્યક્રમનો પ્રારંભ થશે.**

**3)** **GST વિભાગે અમદાવાદની એક ખાનગી કંપનીમાંથી 2 કરોડ 50 લાખ રૂપિયાથી વધુની કરચોરી ઝડપી પાડી**

**4)** **નૉબેલ પારિતોષિક પુરસ્કાર સમારોહની ઉજવણી અંતર્ગત આજે સાયન્સ સિટી સહિત 33 જિલ્લાના લોક-વિજ્ઞાન કેન્દ્રોમાં વિશેષ કાર્યક્રમ યોજાશે.**

**5)** **રાજ્યમાં લઘુત્તમ તાપમાન ગગડતા ઠંડીમાં વધારો, 8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડુ શહેર**

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CM GRIT MEETING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગુજરાત ઇન્સ્ટિટ્યૂશન ફૉર ટ્રાન્સફૉર્મેશન - GRITની સંચાલન સંસ્થાની પ્રથમ બેઠક ગઈકાલે ગાંધીનગરમાં યોજાઈ ગઈ. બેઠકમાં GRITની વિસ્તૃત કાર્યક્ષેત્ર અને વ્યવસ્થાઓ અંગે વિચાર-પરામર્શ કરાયો હતો. તેમજ GRITનાં નવનિયુક્ત મુખ્ય કાર્યકારી અધિકારી-CEO એસ. અપર્ણાએ GRITની અત્યાર સુધીની પ્રારંભિક કાર્યવાહીના લક્ષ્યાંકોનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

બેઠક દરમિયાન IIM અમદાવાદ અને GRIT વચ્ચે સમજૂતી કરાર કરાયા હતા. રાજ્ય સરકારના વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ, યોજનાઓમાં IIM અમદાવાદના જ્ઞાન કૌશલ્યની તજજ્ઞતા અને નેટવર્કનો લાભ મેળવવાનો આ કરારનો ઉદેશ્ય છે.

ઉલ્લેખનીય છે કે, GRIT એ રાજ્ય સરકારની થિન્ક ટેન્ક અને ઇનોવેશન હબ તરીકે કાર્ય કરવાની સાથે રાજ્ય સરકારે નિમેલા કાર્યદળ સમિતિની ભલામણોના અમલ માટે વિવિધ વિભાગો સાથે સંકલન અને પરામર્શમાં રહીને કાર્યયોજના ઘડે તે અંગે વિસ્તૃત ચર્ચા બેઠકમાં કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------

- (INFORMATION DEP.- PRAVESH A.)
, NAVIN

# BK ADIJATI JAN UTKARSH MAHOTSAV

રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેર ડિંડોરની અધ્યક્ષતામાં આજે બનાસકાંઠામાં “આદિજાતિ જન-ઉત્કર્ષ મહોત્સવ 2024” કાર્યક્રમનો પ્રારંભ થશે. આદિજાતિ વિકાસ મંત્રાલય દ્વારા ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે ચિખલામાં આવેલા હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે આજે અને આવતીકાલે એમ 2 દિવસના કાર્યક્રમનું આયોજન કરાયું છે.

---

- (પીટીસી- બનાસકાંઠા સવજી ચૌધરી, પ્રવેશ અડિએચા)

, NAVIN

# GST CHORI

રાજ્ય વસ્તુ અને સેવા કર એટલે કે, GST વિભાગે અમદાવાદની એક ખાનગી કંપનીની 2 કરોડ 50 લાખ રૂપિયાથી વધુની કરચોરી ઝડપી પાડી છે. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, GST વિભાગે ગત 5 ડિસેમ્બરે અમદાવાદમાં કૃત્રિમ ફૂલ અને અન્ય સુશોભન વસ્તુઓના વેપાર સાથે જોડાયેલા 11 જેટલા વેપારીઓને ત્યાં દરોડા પાડ્યા હતા.

તપાસ દરમિયાન અંદાજે 2 કરોડ 50 લાખ રૂપિયાની વેરાચોરી અને 3 કરોડ 50 લાખ રૂપિયાની જવાબદારી શોધવામાં આવી હતી. રાજ્યના કર વિભાગે આ મામલે કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

-----------------------------------------------------------------------

- **(PTC- AHMEDABAD- PRAVESH A.), INFO**
, NAVIN

# VALSAD ROBOTIC PROJECT

વલસાડ તાલુકામાં મગોદ ખાતે આવેલી એક શાળામાં યોજાયેલા વિજ્ઞાન પ્રદર્શનમાં બાળ વૈજ્ઞાનિકો સેન્સર રોબોટીક પ્રોજેકટ બનાવ્યો છે. 2 હજાર 500થી 3 હજાર રૂપિયાના ખર્ચે એક વખત પ્રોગ્રામિંગ સેટ કર્યા પછી સેન્સરનો ઉપયોગ કરવામાં આવે છે. આ અંગે પ્રોજેક્ટ ડાયરેક્ટર પરેશભાઈએ માહિતી આપી હતી.

બાઈટ પરેશભાઈ,પ્રોજેકટ ડાયરેકટર,સ્કૂલ,વલસાડ

---

- NDMS
, NAVIN

# NATIONAL RURAL MISSION

ખેડા જિલ્લાના પીપલગ ગામમાં ગરીબી રેખા નીચે આવતા પરિવારોની 23 જેટલી મહિલાઓ માટે રુડસેટ સંસ્થા ખાતે એક કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મહિલાઓને ભગવાનના મંદિરના તોરણ-હાર વગેરેની તાલીમ આપવામાં આવી આ અંગે તાલીમાર્થી મહિલા રાજલ રાણાએ માહિતી આપી.

બાઈટ - રાજલ રાણા , તાલીમાર્થી બહેન

---------------------------------------------------------------------

- NDMS, NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# NOBEL OUTRICH PROG

પ્રતિષ્ઠિત નૉબેલ પારિતોષિક પુરસ્કાર સમારોહની ઉજવણી અંતર્ગત આજે અમદાવાદના સાયન્સ સિટી, પાટણ, રાજકોટ, ભુજ અને ભાવનગરના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ખાતે આઉટરીચ કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમોમાં નિષ્ણાતો નૉબેલ પારિતોષિકની શોધ અને ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને મેડિસીન જેવા વિવિધ ક્ષેત્ર પર તેમની પરિવર્તનકારી અસર અંગે સંવાદ કરશે.

અમદાવાદના સાયન્સ સિટી ખાતે આજે બપોરે 3 વાગ્યાથી આ કાર્યક્રમ શરૂ થશે, જેમાં વિવિધ નિષ્ણાતો વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓને નૉબેલ પારિતોષિક અંગેની માહિતી સરળ ભાષામાં રજૂ કરશે. ગુજકૉસ્ટના તમામ 33 જિલ્લા લોક-વિજ્ઞાન કેન્દ્રોમાં પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

---------------------------------------------------------------------

- **(PRESS NOTE- PRAVESH A.)**

, NAVIN

# WEATHER

રાજ્યમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડાને કારણે ઠંડીમાં વધારો થયો છે. હવામાન વિભાગે આ ઘટાડો ચારથી પાંચ દિવસ દરમિયાન યથાવત રહેવાની શક્યતા દર્શાવી છે. હવામાન શાસ્ત્રી પ્રદીપ શર્માએ આ અંગે વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું.

## (BYTE – પ્રદિપ શર્મા, હવામાન શાસ્ત્રી)

દરમિયાન 8 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. આ સાથે મહુવામાં 9 ડિગ્રી, કંડલા પોર્ટમાં 10 ડિગ્રી, વડોદરામાં 11 ડિગ્રી તેમજ કેશોદ, ભૂજ, રાજકોટ, ગાંધીનગરમાં 12 ડિગ્રી તથા ભાવનગરમાં 13 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું છે. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન 14 ડિગ્રી રહ્યું હતું. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં અમદાવાદના તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના દર્શાવાઈ છે.

------------------------------------------------------------------------

- PTC- AHMEDABAD, W.KUTCH, VALSAD, JAYESH PATEL,, SONAL

# GPSC

ગુજરાત જાહેર સેવા આયોગના અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું કે ભરતી પ્રક્રિયા સરળ બનાવવામાં આવી છે. આગામી 11 પરીક્ષાઓ 23 ફેબ્રુઆરી અને 30 માર્ચમાં લેવાશે. જ્યારે આરોગ્ય વિભાગની ભરતી પણ ટૂંક સમયમાં થશે.

---

- REPEAT

# DIGITAL LIFE CERTIFICATE CAMPAIGN

પશ્ચિમ રેલવે દ્વારા પેન્શનરો માટે વિશેષ DLC એટલે કે, ડિજીટલ લાઈફ સર્ટીફીકેટ અભિયાન શરૂ કરાયું છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે જણાવ્યું કે, વૃદ્ધ, અશક્ત અને બિમાર પેન્શનરો ઘરેથી જ જીવન પ્રમાણપત્ર જમા કરાવી શકે તે માટે પશ્ચિમ રેલવેના તમામ છ મંડળોમાં DLC અભિયાનનો પ્રારંભ થયો છે.

જે અંતર્ગત વિવિધ સ્થળો પર શિબિર, સેમિનાર અને બેકિંગ સેવાના કાઉન્ટરો લગાવવામાં આવ્યા. શિબિરોમાં 1 હજાર 500 જેટલા પેન્શનરોએ ભાગ લીધો તથા 900 પેન્શનરોએ ડીજીટલરૂપે જીવન પ્રમાણપત્ર જમા કરાવ્યું હતું.

---------------------------------------------------------------------

- ન્યુઝ પેપર, નિકીતા, NAVIN

# RECRUITMENT

પંચમહાલ જિલ્લાના રામપુરા ખાતે યોજાયેલા ઔદ્યોગિક ભરતી મેળામાં 314 ઉમેદવારોની પસંદગી કરાઈ છે.

અમારા પ્રતિનિધી જણાવે છે કે, જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા આયોજીત આ મેળામાં 382 ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી 9 નોકરીદાતાઓ દ્વારા 314 ઉમેદવારોની સ્થળ પર જ પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------

- પીટીસી પંચમહાલ, નિકીતા, NAVIN

# SABARMATI GANDHI ASHRAM

સમાજની સામૂહિક પ્રગતિ અને એકતા માટે યુવાઓમાં નવાચાર, સ્થિરતા અને વૈશ્વિક નેતૃત્વની ભાવના ખીલવવી અનિવાર્ય છે. આજથી 25 ડિસેમ્બર દરમિયાન સાબરમતી ગાંધી આશ્રમથી દાંડી સુધી યોજાનારી પદયાત્રામાં જોડાઈ રહેલા એન.સી.સી. એટલે કે, રાષ્ટ્રીય છાત્રસેના કેડેટ્સ સાથે રાજભવન ખાતે પ્રેરણાત્મક સંવાદ કરતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આ મુજબ જણાવ્યું હતું.

પદયાત્રામાં ભાગ લેતા કેડેટ્સને શુભકામનાઓ પાઠવતા તેમણે આ યાત્રા દરમિયાન શાળા કોલેજના વિદ્યાર્થીઓ યુવાનોને નશા મુક્તિના સંદેશો આપવા આહ્વાન કર્યું હતું

રાજ્યપાલશ્રીએ તમામ કેડેટ્સને વૃક્ષારોપણ અને પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ ફેલાવવા અપીલ કરી હતી.

-----------------------------------------------------------------

- નીકીતા મા ખા

, NAVIN

# MAHAKUMBH ROAD SHOW

ઉત્તરપ્રદેશના ઉર્જા અને શહેરી વિકાસ મંત્રી અરવિંદ કુમાર શર્માએ અમદાવાદમાં પ્રયાગરાજ મહાકુંભ 2025ના પ્રચાર માટે રોડ શો યોજ્યો હતો.

ભવ્ય અને ડિજિટલ રૂપે મહાકુંભનું આયોજન કરવાના માટે ઉત્તરપ્રદેશ સરકાર પ્રતિબદ્ધ છે, તેમ મંત્રી અરવિંદકુમાર શર્માએ આ અંગે યોજાયેલી પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.. આ વર્ષે મહાકુંભમાં શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા, 44 ઘાટો સહિત રિવરફ્રન્ટ પર ફૂલોની વર્ષા માટે આયોજન કરાયું છે. 2025માં 450 મિલિયનથી વધુ યાત્રાળુઓ, સંતો, સાધુઓ અને પ્રવાસીઓ મહાકુંભમાં આવે તેવી શક્યતા છે. મહાકુંભ 13 જાન્યુઆરીથી 26 ફેબ્રુઆરી સુધી પ્રયાગરાજમાં યોજાશે.

ગંગા, યમુના અને સરસ્વતી નદીઓના સંગમના પવિત્ર કિનારે 12 વર્ષના અંતરાલ પછી ફરી એકવાર પ્રયાગની પવિત્ર ભૂમિ પર મહાકુંભ યોજાશે. યાત્રિકો, સાધુ-સંતો અને પ્રવાસીઓ માટે આરોગ્ય સેવા વ્યવસ્થાઓ કરાઇ રહી છે. ડીજીટલ સ્વરૂપે પણ વિવિધ વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રવાસીઓની સુવિધા માટે સ્માર્ટ પાર્કિંગ સુવિધાઓ પ્રદાન કરાશે.

---

- PTC-AHMEDABAD, HARSHAL PANDYA, SONAL